# સત્સંગ સમાચાર

## શ્રી હરિ જયંતી –શ્રી રામ નવમી

૧૭ એપ્રિલ ૨૦૨૪ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણના ૨૪૪મા પ્રાગટ્યપર્વને અત્યંત ભક્તિભાવે ઉજવવામાં આવ્યું. આ પવિત્ર પર્વે મંદિરજીમાં બિરાજમાન મૂર્તિઓને પૂજારીઓએ ખાસ પુષ્પના વાઘા ધરાવ્યા, અનેક સંતો–ભક્તોએ પાંચેય આરતીનો લાભ લીધો તેમજ અનેક નાનાં બાળકોથી લઈને વડીલોએ નિર્જળા ઉપવાસ કર્યા, આમ સૌએ પ્રભુ પ્રતિના પોતાના ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યા. સંતભગવંત સાહેબજીએ સૌ પર અત્યંત પ્રસન્નતા વરસાવી આશીર્વાદ પ્રદાન કર્યા. સાંજે ‘પારમિતા’ સભાખંડમાં પ્રાગટ્યોત્સવની સભા યોજાઈ. અનુપમ સૂરવૃંદના સંતો–યુવાનોએ ભગવાન શ્રી રામ અને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં માહાત્મ્યનાં કીર્તનો પ્રસ્તુત કરી સૌને પરમ ભક્તિભાવમાં લીન કર્યાં. સાધુ પૂ. હરસુખદાસજી અને સાધુ પૂ. રમેશદાસજી (દયાળુ)એ પૂજન–પુષ્પમાળા અર્પણ કરી. અમૅરિકા પરત પધારતા સાધુ પૂ. કૌશિકદાસજીને શુભેચ્છાઓ આપવામાં આવી તથા તેઓએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી માહાત્મ્યગાન કર્યાં. આ પ્રસંગે લૉસઍન્જલસ–યુ.એસ.એ. મંદિરે સેવામાં પધારતા સાધુ પૂ. ઘનશ્યામદાસજી અને સાધુ પૂ. ગિરીશદાસજીને પણ વિદાયની શુભેચ્છાઓ આપવામાં આવી. અંતે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી ભક્તવત્સલ અને કરુણાનિધાન ભગવાનના જીવન પ્રસંગોનાં વર્ણન કરી પ્રભુના અનન્ય આશરા અને ભક્તિની સુંદર સમજણ આપી. પ્રભુના પ્રાગટ્ય સમયે રાત્રે ૧૦:૧૦ વાગ્યે આરતી અર્પણ કરી સૌએ પ્રાર્થનાભાવ ધર્યા. ◆

## અનુપમ દ્વારા વિવિધ બાળશિબિરોનાં આયોજન

અનુપમ પરિવારનાં સૌ બાળ અક્ષરમુકતોનાં ઘડતર અને સંસ્કારસિંચન માટે ‘અનુપમ યોગી બાળવૃંદ’ દ્વારા એપ્રિલ માસમાં અનુપમ મિશનનાં વિવિધ કેન્દ્રોમાં–મંડળોમાં એકદિવસીય બાળશિબિરનાં સુંદર આયોજન થયાં. ૧૪ એપ્રિલના રોજ ભીંગરાડ તેમજ કાનમ પ્રદેશ આદિ કેન્દ્રોમાં, ૨૧ એપ્રિલના રોજ અમદાવાદ, મુંબઈ, ચરોતર, કચ્છ આદિ કેન્દ્રોમાં તથા ૨૮ એપ્રિલના રોજ સુરત, મોરબી, માણાવદર, સૌરાષ્ટ્ર, વડોદરા આદિ મંડળોમાં બાળશિબિરો યોજાઈ. આ બાળશિબિરોમાં જે–તે મંડળના સૌ કાર્યકર્તાઓ દ્વારા બાળકો માટે આનંદબ્રહ્મ રમતો, નિત્યપૂજા, ધૂન–ભજન–ભક્તિ–સત્સંગનું સામાન્ય જ્ઞાન, ક્રિએટિવ સ્કિલ્સ વગેરે વિષયો પર સમજ આપતાં સત્ર યોજાયાં. દરેક કેન્દ્રો–મંડળોની બાળશિબિરમાં પ્રાદેશિક અને સ્થાનિક સંતો તથા વડીલ અક્ષરમુક્તોએ ઉપસ્થિત રહી સૌનો ઉત્સાહ વધારી પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યાં. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ આ બાળશિબિરોનાં વિડિયો દર્શન દ્વારા સમગ્ર અહેવાલ જાણી અત્યંત પ્રસન્નતા વરસાવી અને નિયમિત અઠવાડિક બાળસભાઓ કરવા પ્રેરણા આપી. ◆

## ઉપાસના ધામ–ખારઘર મંદિરનો ૧૭મો પાટોત્સવ

મહારાષ્ટ્રમાં નવી મુંબઈના ખારઘર સ્થિત ઉપાસના ધામના મંદિરની મૂર્તિઓનો ૧૭મો પાટોત્સવ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોના દિવ્ય સાંનિધ્યમાં મુંબઈ પ્રદેશના સૌ સ્થાનિક ભક્તો દ્વારા ભક્તિભાવે ઉજવાયો. આ પ્રસંગે સ્થાનિક સંતો સાધુ પૂ. દિનેશદાસજી અને સાધુ





ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ભગવાન શ્રી રામચંદ્રજીના પ્રાદુર્ભાવ પ્રસંગે યોજિત ઉત્સવસભામાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના આશીર્વાદ

પૂ. હરિકૃષ્ણદાસજી તેમજ પ્રાદેશિક વડીલ સાધુ પૂ. ઉમેશદાસજી, સાધુ પૂ. યજ્ઞેશદાસજીનાં માર્ગદર્શને મુંબઈ પ્રદેશના યુવાઓએ સુંદર સેવાઓ કરી સમગ્ર ઉત્સવની ભક્તિસભર તૈયારી કરી.

૨૭ એપ્રિલ ૨૦૨૪ના રોજ સવાર અને સાંજ બંને સત્રોમાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ 'જીવનભાવના અને જીવન શૈલી' વિષય પર અનેક પ્રસંગો તેમજ માર્મિક વાતો દ્વારા સુંદર સત્સંગલાભ આપ્યો અને સારુંય વર્ષ તેનું અનુસંધાન રાખી ભક્તિભાવે જીવન જીવવા તથા પ્રગટ સત્પુરુષના આશરે જીવન ધન્ય બનાવવાની રાહ પર ડગ માંડવાં અનેરાં માર્ગદર્શન પ્રદાન કર્યાં. તેઓની લાક્ષણિક શૈલીમાં પ્રગટ થયેલી વાતોએ અનેક ભક્તોના પ્રશ્નોનાં નિરાકરણ કર્યાં અને હૈયે શાતા પમાડી.

૨૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ સવારે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની નિશ્રામાં સ્થાનિક બહેનો માટે વિશેષ સત્ર યોજાયું. બહેનોએ પોતાના જીવનમાં આવતા પ્રશ્નોની નિષ્કપટભાવે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા સમક્ષ રજૂઆત કરી અને તેઓ પાસેથી સમાધાન, માર્ગદર્શન તથા આશીર્વાદ પ્રાપ્ત કરી સૌએ ધન્યતા અને વિશેષ આનંદની અનુભૂતિ કરી.

૩૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની આશિષ પરાવાણીમાં કીર્તન 'મંજિલને ઢૂંઢવા દિશા'ના નિરૂપણ સ્વરૂપે અલૌકિક માર્ગદર્શન પ્રાપ્ત થયાં. હૃદયસ્પર્શી આ પરાવાણીમાં જીવનને સાર્થક કરવાનો અલૌકિક મર્મ તેઓએ સમજાવ્યો. અને શ્રદ્ધાથી ગુરુના સાંનિધ્યે સાધના કરવાનું તેમજ આપણી માન્યતા અને મનથી નક્કી કરેલા પૂર્વગ્રહ છોડીને ગુરુ કહે તેમ કરી ખરા અર્થમાં ભક્તનું જીવન બને તો ભગવાનની પ્રસન્નતા સહજમાં પ્રાપ્ત કરી શકાય તે અનુસંધાને તલસ્પર્શી સુંદર વાતો કરી. સાંજની સભામાં સ્થાનિક દીકરા–દીકરીઓએ નૃત્યભક્તિ અદા કરી શ્રી ઠાકોરજીના શ્રી ચરણે ભક્તિભાવ ધર્યા. ત્યારબાદ અનુપમ સૂરવૃંદ દ્વારા અદ્‌ભુત ભજનસંધ્યા અર્પણ થઈ, જેમાં સૌએ બ્રહ્માનંદ પ્રાપ્ત કર્યો.

૧ મે ૨૦૨૪ના શુભ મંગલકારી દિને મોટી સંખ્યામાં ભક્તો પાટોત્સવ વિધિ માટે પધાર્યા. સાધુ પૂ. અશોકદાસજી તથા સાધુ પૂ. સરજુદાસજીએ આચાર્યપદે બિરાજી સમગ્ર વિધિ સંપન્ન કરાવી. પાટોત્સવ વિધિમાં ૨૮ અક્ષરમુક્તો યજમાનપદે બિરાજમાન થયા. ખારઘર મંદિરે અત્યંત દિવ્ય વાતાવરણ પ્રસરી ગયું. મંદિરમાં બિરાજિત શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી ગુણાતીતાનંદ સ્વામી, શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી ભગતજી મહારાજ, શ્રી જાગાસ્વામી, શ્રી શાસ્ત્રીજી મહારાજ, શ્રી યોગીજી મહારાજ, શ્રી ગણપતિજી દેવ, શ્રી હનુમાનજી દેવ સમક્ષ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, સાધુઓ પૂ. દિનેશદાસજી, પૂ. હરિકૃષ્ણદાસજી, પૂ. ઉમેશદાસજી, પૂ. રમેશદાસજી દયાળુ, પૂ. અશ્વિનદાસજી ગાંધી, પૂ. પરેશદાસજી, પૂ. પંકજદાસજી, પૂ. યજ્ઞેશદાસજી આદિ સંતો ઉપસ્થિત થયા અને અને અદ્‌ભુત પાટોત્સવ પૂજનવિધિમાં જોડાયા. મંડળના વડીલો જગતભાઈ, ત્રંબકદાદા, કે. સી. સિંગ, આર.પી. સિંગ, હેતનભાઈ, બાલકૃષ્ણભાઈ સહિત અનેક મહેમાનો અને આમંત્રિતોએ આ પ્રસંગે ઉપસ્થિત રહી ધન્યતા માણી.

પાટોત્સવ વિધિ બાદ શ્રી ઠાકોરજી મહારાજના શણગારનાં દિવ્ય દર્શન સૌને પ્રાપ્ત થયાં. સાહેબજીના ૮૫મા પ્રાગટ્યપર્વ નિમિત્તે શ્રી ઠાકોરજી અને સ્વરૂપો સમક્ષ ૮૫ વાનગીઓનો ભાવથી અન્નકૂટ ધરાવાયો. ત્યારબાદ યોજિત પાટોત્સવસભામાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના દિવ્ય સાંનિધ્યમાં કીર્તનગાન થયાં. આ ઉત્સવસભામાં પવઈ મંદિરેથી પૂ. રાજુભાઈ ઠક્કર અને સંત બહેનો, પૂ. સ્વામિની સ્વપ્રભાનંદા, પનવેલ મ્યુનિસિપલ કમિશ્નર શ્રી ગણેશજી દેશમુખ આદિ પણ દર્શન–સત્સંગ ને આશીર્વાદનો લાભ લેવા પધાર્યા. આ પ્રસંગે જગતભાઈ કિલ્લાવાલા, કે. સી. સિંગ, પારસભાઈ દેસાઈએ પ્રાસંગિક મહિમાગાન કરી આનંદ વ્યક્ત કર્યો. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી સૌ ભક્તોને



ખારઘર મંદિરે નૃત્યભક્તિ સાથે યુવાઓ દ્વારા સંતોનાં સ્વાગત



ખારઘર મંદિર પાટોત્સવની પૂર્વસંધ્યાએ કીર્તનભક્તિની રમઝટ

કૃતાર્થ કર્યા. પરમ ભક્તિભાવ સાથે આ પર્વની ઉજવણી થઈ, જેની દિવ્ય સ્મૃતિ સૌનાં હૈયે અનેરા આનંદની અનુભૂતિ આપી ગઈ. ◆

## સંતભગવંત સાહેબજીની યુ.એ.ઈ.ની ધર્મયાત્રા

યુનાઈટેડ આરબ અમીરાત્સના અબુધાબી સ્થિત હિન્દુ સનાતન ધર્મનાં ગૌરવ સમાન શ્રી સ્વામિનારાયણ મંદિરજીનાં નિર્માણ તથા આ મંદિરજીમાં સર્વ દેવી-દેવતાઓની મૂર્તિઓનાં પ્રાણપ્રતિષ્ઠાવિધિ પરિપૂર્ણ થયાં પછી સંતભગવંત સાહેબજી યુ.એ.ઈ.ની પ્રથમ ધર્મયાત્રાએ તારીખ ૨૭ એપ્રિલથી ૪ મે દરમિયાન પધાર્યા.

યુ.એ.ઈ.ના દુબઈમાં નિવાસ કરતાં અત્યંત સંનિષ્ઠ અને ભક્તિભાવસંપન્ન રાજશ્રીબહેન-નયનકુમારનાં ભાવભર્યાં નિમંત્રણને સ્વીકારી સંતભગવંત સાહેબજી પાંચ સંતો સાથે યુ.એ.ઈ.ની ધર્મયાત્રાએ પધાર્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સાધુ પૂ. બિમલદાસજી, પૂ. અર્પિતદાસજી, પૂ. ઉત્પલદાસજી ને પૂ. પીટરદાસજીને આ ધર્મયાત્રા દરમિયાન સંતભગવંત સાહેબજીની સેવા તથા તેઓનાં દિવ્ય આધ્યાત્મિક કાર્યનાં દર્શનના અદ્‌ભુત લાભ પ્રાપ્ત થયા. આ ધર્મયાત્રામાં સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી ડૉ. અમીબહેન-દિવ્યેશભાઈ, અનુપમભાઈ તથા કિશોરવયના અક્ષરમુક્ત હેમચંદ્ર પણ સંમિલિત થયાં. વળી, આ યાત્રામાં સંતભગવંત સાહેબજીની આજ્ઞાનુસાર ઇંગ્લૅન્ડથી ભાવિશાબહેન, વિજયકુમાર-દર્શનાબહેન તથા તેઓના સુપુત્ર રોનકભાઈ પણ સહભાગી થયાં.

૨૭ એપ્રિલ ૨૦૨૪ના સદ્‌ગુરુ સાધુ પ.પૂ. શાંતિદાદાની માસિક પુણ્યતિથિ નિમિત્તે તેઓની સમાધિએ શ્રદ્ધાવંદન તથા પુષ્પાંજલિ અર્પણ કરી સંતભગવંત સાહેબજી સાથે સૌ સંતો અને અક્ષરમુક્તો તપોભૂમિ બ્રહ્મજ્યોતિથી અમદાવાદ ઍરપૉર્ટ પધાર્યા. ઍરપૉર્ટ પર અમદાવાદના અક્ષરમુક્તો, સંતો તથા યુવાઓએ સંતભગવંત સાહેબજી અને સૌનાં ભાવભર્યાં સેવા-સત્કાર કર્યાં. ૨૭ એપ્રિલના મધ્યાહ્ને સંતભગવંત સાહેબજી અને સંઘ દુબઈ સ્થિત રાજશ્રીબહેન-નયનકુમારના નિવાસસ્થાને પહોંચ્યા, ત્યાં તેઓએ ખૂબ ભક્તિભાવપૂર્વક સૌનાં પૂજન-અર્ચન અને સ્વાગત કર્યાં.

આ જ દિવસે સાંજની સભામાં દુબઈમાં નિવાસ કરતા આશરે ૫૦ જેટલા યુવાઓ તથા અક્ષરમુક્તો રાજશ્રીબહેન-નયનકુમારના નિવાસસ્થાને યોજિત સત્સંગસભામાં પધાર્યા. આ પ્રસંગે સૌ શ્રી ઠાકોરજી મહારાજની મહાપૂજામાં, કીર્તનભક્તિમાં સંમિલિત થયાં અને સત્સંગસભામાં સંતભગવંત સાહેબજીએ સત્સંગના મહિમાને સમજાવતાં અનેક પૌરાણિક ઉદાહરણો આપી સૌનાં હૃદયમાં ભગવાનધારક સાધુના સમાગમ તથા સત્સંગના મહિમાને દૃઢ કર્યો.

સંતભગવંત સાહેબજીની યુ.એ.ઈ.ની ધર્મયાત્રા દરમિયાન અબુધાબી સ્થિત નવનિર્મિત મંદિરજીમાં શ્રી ઠાકોરજી મહારાજ તથા સર્વ દેવી-દેવતાઓનાં દર્શન કરવા સંતભગવંત સાહેબજી અને સંતોની સાથે આશરે ૬૦થી ૭૦ યુવાઓ અને અક્ષરમુક્તો જોડાયા. અબુધાબી સ્થિત આ દિવ્ય મંદિરજીમાં સ્વયં પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્મવિહારીદાસજીએ સંતભગવંત સાહેબજીનાં પરમ સન્માન સાથે ભાવભર્યાં સ્વાગત કર્યાં. પ.પૂ. સ્વામીશ્રીએ પોતાનાં અત્યંત વ્યસ્ત સેવાકાર્યોમાંથી સમય ફાળવીને સંતભગવંત સાહેબજી તથા તેઓ સાથે દર્શનાર્થે આવેલા સૌ સંતો-અક્ષરમુક્તોને નવનિર્મિત મંદિરજીની દિવ્ય સંકલ્પના અને સર્જનની વિસ્તૃત માહિતી આપી. આ પ્રસંગે બંને સંસ્થાઓના સંવાદિતાપૂર્ણ દિવ્ય અને મધુર સંબંધોનાં દર્શન કરી સૌને પરમ ધન્યતાના અનુભવ થયા.

યુ.એ.ઈ.ની ધર્મયાત્રા દરમિયાન અશોકભાઈ, યોગેશભાઈ, રોહિતભાઈ-પ્રવીણાબહેન, પુનિર, જવાહરભાઈ, નીરજ, આશિષ, ધવલ, હર્ષ, બૈજુ સહિત અનેક યુવાઓ તથા અક્ષરમુક્તોને સંતભગવંત સાહેબજીનાં દર્શન-સત્સંગ-સેવા તથા તેઓના નિવાસસ્થાનમાં પધરામણી કરાવવાના લાભ પ્રાપ્ત થયા. સંતભગવંત સાહેબજીની આ દિવ્ય ધર્મયાત્રાથી સમગ્ર યુ.એ.ઈ. સત્સંગપરિવારમાં અને વિશેષતઃ દુબઈ સત્સંગમંડળમાં એક નવા ઉમંગ-ઉત્સાહ સાથે સત્સંગ, સેવા, અઠવાડિક સભા તથા ભક્તિના દિવ્ય ભાવ જાગ્રત થયા હોય તેવાં દર્શન થયાં. સૌનાં આશ્ચર્યની વચ્ચે આ ધર્મયાત્રા દરમિયાન કેટલાંક મુસ્લિમ, ખ્રિસ્તી તથા આરબ અક્ષરમુક્તો પણ સંતભગવંત સાહેબજીનાં દિવ્ય દર્શન પ્રાપ્ત કરીને પરમ શાંતિ, આનંદ અને ધન્યતાનો



પર્થ-ઑસ્ટ્રેલિયામાં સાહેબજી પ્રાગટ્યોત્સવની ભક્તિભાવે ઉજવણી

અનુભવ કરી રહ્યા હોય તેવાં દિવ્ય દર્શન પણ થયાં. રાજશ્રીબહેન-નયનભાઈના પ્રેમસભર ભક્તિભાવથી આયોજિત આ ધર્મયાત્રા સર્વથા સર્વાંગ સુફલ રહી અને અનેક ચૈતન્યોને સંતભગવંત સાહેબજીના દિવ્ય સંબંધ આપનારી બની રહી તેનાં દર્શન કરી સૌ સંતો-અક્ષરમુક્તોએ પરમ આનંદ અને ધન્યતા અનુભવ્યાં. ◆

## પર્થ-ઑસ્ટ્રેલિયામાં સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ

ઑસ્ટ્રેલિયાના પર્થ કેન્દ્રમાં સંતભગવંત સાહેબજીના ૮૫મા પ્રાગટ્યપર્વની ઉજવણી ૬ એપ્રિલ ૨૦૨૪ના રોજ ભક્તિભાવે સંપન્ન થઈ. આ નિમિત્તે સ્વામિનારાયણ મહામંત્રના જાપ, સંતભગવંત સાહેબજીનું આપેલું સૂત્ર 'થિંક પૉઝિટિવ, રેસ્ટ વિલ ફૉલો'ના માહાત્મ્યને વિસ્તારતા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું. મંડળના યુવા નેતાઓનાં માર્ગદર્શને બાળમંડળે આ કાર્યક્રમમાં ભક્તિ અદા કરી. ત્યારબાદ માહાત્મ્યગાન સ્વરૂપે સૌએ સંતભગવંત સાહેબજી પ્રતિના પૂજ્યભાવ-આદરભાવને વ્યક્ત કર્યો. મોટી સંખ્યામાં ભક્તોએ જોડાઈ સુશોભન, થાળ, આરતી અને ઉત્સવ સંલગ્ન સઘળી સેવાઓ ભક્તિભાવે કરી. ◆

## તીર્થસ્થાન માણાવદર મંદિરમાં ભક્તિઉત્સવ

ગુરુદેવ યોગીજી મહારાજે પોતાના દિવ્ય વરદ્ હસ્તે માણાવદરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ પધરાવી અક્ષરદેરીની દેન સમસ્ત સૌરાષ્ટ્ર પ્રદેશના ભક્તોને આપી. આ પ્રાસાદિક સ્થાનનાં નવીનીકરણ સંતભગવંત સાહેબજીએ ગત વર્ષે કરાવ્યાં. આ નવીનીકરણને એક વર્ષ પૂર્ણ થતાં ૩૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ સંતો-ભક્તોએ ભેગા મળી દિવ્ય મહાપૂજા દ્વારા શ્રી પ્રભુચરણે પ્રાર્થનાઓ ધરી. સાંજે અક્ષરદેરી, માણાવદરનાં અક્ષરનિવાસી મહંત સાધુ પૂ. રણછોડદાસજીના ૭૦મા પ્રાગટ્યપર્વની ઉજવણી કરવામાં આવી. આ બંને પ્રસંગોમાં ધારીથી સદ્ગુરુ સાધુ અરુણદાદા, અમદાવાદથી સાધુ પૂ. ગૌતમદાસજી અને મોગરીથી સાધુ પૂ. રમેશદાસજી, સાધુ રાજુદાસજી, સાધુ સંદીપદાસજી પધાર્યા. આ સંતો અને સ્થાનિક સંતોનાં સાંનિધ્યે મોટી સંખ્યામાં અક્ષરમુક્તોએ ઉપસ્થિત રહી ભક્તિભાવ ધર્યા, મહિમાગાન કર્યાં. સાધુ પૂ. રણછોડદાસજી સાથેનાં સંસ્મરણો વાગોળી દિવ્ય ગુણોનાં ગાન કર્યાં. ◆

## અનુપમ મિશન, શિણાય કેન્દ્રમાં ૧૫૦મી કીર્તનઆરાધના

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશીર્વાદથી અનુપમ મિશનના શિણાય કેન્દ્રમાં અ.નિ. વડીલ સાધુ પૂ. રણછોડદાસજીએ માસિક કીર્તન આરાધના ભક્તિયજ્ઞના પ્રારંભ કરાવ્યા. ૫ મે ૨૦૨૪ના રોજ ઉપાસના ધામ મંદિરના હૉલમાં યોજાયેલ ૧૫૦મી કીર્તન આરાધના સાધુઓ પૂ. ગૌતમદાસજી, પૂ. અશોકદાસજી, પૂ. રમેશદાસજી, પૂ. મુકેશદાસજી, પૂ.ભરતદાસજી, પૂ.હરેશદાસજી, પૂ. જિજ્ઞેશદાસજીનાં દિવ્ય સાંનિધ્યે અ.નિ. સાધુ પૂ. રણછોડદાસજીને ભાવાંજલિ સ્વરૂપે અર્પણ કરાઈ.

કીર્તન આરાધનામાં અનુપમ સૂરવૃંદના સંતો સાથે યુવાનો અને ભક્તોએ સુંદર ભજનોનાં ભક્તિભાવે ગાન કર્યાં. કીર્તન આરાધનાના અંતે સાધુ પૂ. રમેશદાસજીએ અનુપમ સૂરવૃંદના સૌના ખેસ અર્પણ કરી અભિવાદન કર્યાં. આ પ્રસંગે સાધુ પૂ. હરેશદાસજીએ સુંદર પ્રાસંગિક ઉદબોધન કર્યું અને સાધુ પૂ. રમેશદાસજી, પૂ. અશોકદાસજી અને પૂ. ગૌતમદાસજીએ રૂડા આશીર્વાદ આપ્યા. સૌ સંતોએ શ્રી ઠાકોરજીને આરતી અર્પણ કરી ! ખૂબ મોટી સંખ્યામાં પધારેલ ભક્તોએ સત્સંગ-ભક્તિનો અદ્ભુત લાભ લઈ ધન્યતા માણી. ◆



તીર્થસ્થાન માણાવદર મંદિરે શ્રી ઠાકોરજી સમક્ષ મહાપૂજા-ભક્તિ અર્પણ



અનુપમ મિશન, શિણાય કેન્દ્રમાં સંતોનાં સાંનિધ્યે ૧૫૦મી કીર્તન આરાધના